અગાઉ જમીન પચાવી પાડવાના કેસમાં ખાખી વર્દી સામે આંગળીઓ ચિંધાઈ હતી તેની તપાસ થશે..?

૪૨ દિવસમાં નિકાલ થશે : અરવલ્લીમાં લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ ૨૭ ઈસમો સામે કાર્યવાહી : મોટા મગરમચ્છો સામે એકપણ ગુનો નહીં, મેઘરજ તાલુકામાં સર્વાધિક કેસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્ય સરકારે જમીન હડપ કરી જનારા માફીયાઓ સામે કડક કાર્યવાહી કરવાના નિર્ધારથી ગત વર્ષથી લેન્ડ ગ્રેબિંગ અને ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધા પછી અરવલ્લી જિલ્લામાં કાયદાના અમલના ૪૩ દિવસમાં જમીન અને પ્લોટ પચાવી પાડવાના કિસ્સામાં ૨૭ ઈસમો સામે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. ખાસ કરીને મોડાસા તથા તેના આસપાસના વિસ્તારોમાં સોનાની લગડી જેવી જમીનો પચાવી પાડવાના કેસમાં આશ્ચર્ય વચ્ચે કોઈ ફરિયાદ તંત્ર સુધી પહોંચી નથી. લાગે છે મોટા મગરમચ્છો સામે એકપણ ગુનો નોંધાયો નથી. જ્યારે મેઘરજ તાલુકામાં સર્વાધિક ૧૩ કેસ નોંધાયા છે. વહીવટી તંત્રએ ખુંખારીને જણાવ્યું કે અમને મળેલી લેન્ડ ગ્રેબિંગ અંગેની ફરિયાદોમાં તપાસ સાથે ૪૨ દિવસમાં નિકાલ આવી જશે.

કયા તાલુકામાં મિલ્કતો હડપ કરવાની ફરિયાદ..

તાલુકો	ફરિયાદી
મેઘરજ	૧૩
મોડાસા	૦૫
બાયડ	૦૪
ભિલોડા	૦૩
માલપુર	૦૨

સાઠંબા થી ભિલોડા સુધીના અંતરીયાળ વિસ્તારોમાં ગરીબ પરિવારોની મહામૂલી જમીન પચાવી પાડવી, મકાન ઉપર કબજો મેળવી લેવો જેવા ગંભીર ગુના આચરાયા હોવા છતાં માત્ર આચમનરૂપ ફરિયાદો તંત્ર સુધી પહોંચે છે પરંતુ ત્યાં ભ્રષ્ટાચારની ગંગોત્રી હોવાથી સાચા અરજદારને ન્યાય મળતો નથી ત્યારે સરકાર દ્વારા આવા તત્વો ઉપર સપ્તાઈ લાવવા ગત ૧૮ ડિસેમ્બરથી લેન્ડ ગ્રેબિંગ અને ગુજસીટોકનો કાયદો અમલી બનાવ્યો હતો. જિલ્લાના અનેક વિસ્તારોમાં માથાભારે ઈસમોએ અનેક ભોળા ખેડૂતો અને મિલ્કત ધારકોની જમીન ઉપર કબજો મેળવી ખોટા કોર્ટ કેસ ઉભા કરી હેરાનગતિ શરૂ કરી છે જેના કારણે જિલ્લાના શહેરી વિસ્તારોમાં જમીન હડપવાના ઈરાદે અપહરણ અને ધમકી આપવાના અનેક બનાવો બન્યા પછી પાછલા બારણે સમાધાન થઈ ગયા છે ત્યારે નવા કાયદાના અમલ પછી જિલ્લાના મેઘરજ, માલપુર, મોડાસા, બાયડ અને ભિલોડામાં જમીન-પ્લોટ પચાવી પાડવાની ૨૭ ફરિયાદો અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રને મળતાં લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ તમામ સામે તપાસનો ગાળીયો મજબૂત બનાવવામાં આવ્યો છે. તપાસ પછી કસૂરવારો સામે યોગ્ય કાર્યવાહી થશે કે કેમ..?? તેના ઉપર જિલ્લાની પ્રજાની નજર ટેકવાઈ ગઈ છે.

પોલીસ અને રાજકીય પીઠબળ હોય તેવા ઈસમો સામે પગલાં ભરાશે..??

બાયડ : જિલ્લામાં અનેક કીમતી જમીનો ઉપર ગેરકાયદે કબજો મેળવનારા ઈસમોને પોલીસ અને રાજકીય પીઠબળ હોવાના આક્ષેપો ભૂતકાળમાં થયેલા છે તેમાંય મોડાસા શહેર તથા આસપાસના વિસ્તારોમાં આવી ફરિયાદો વધુ છે આ સંજોગોમાં સાચા ફરિયાદીઓ નિર્ભયી બની જિલ્લા કલેક્ટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ અંગે ફરિયાદ કરવાની હિંમત કેળવવી પડશે અને તેના આધારે જ કાયદો ખરેખર ધારદાર છે કે પછી નહોર વગરનો બનાવી દેવાની પેરવીની શરૂઆત તો નથી થઈ ને..?? તેની જાણકારી મળી શકે.

માત્ર ૪૨ દિવસમાં અરજીનો નિકાલ : ચીટનીશ

બાયડ : જિલ્લા ચીટનીશ નિલેષભાઈ ખરાડીએ ગાંધીનગર સમાચાર સાથેની ટેલિફોનિક મુલાકાતમાં જણાવ્યું કે અરવલ્લી જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ હેઠળ તંત્રને કુલ-૨૭ ફરિયાદ મળી છે અને તે માટે તપાસ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે. ફરિયાદનો ૪૨ દિવસમાં નિયમાનુસાર નિકાલ કરાશે.

હિંમતનગર નાગરિક સહકારી બેન્કની પદમી સાધારણ સભા સંપન્ન

વિજેતા નવા ડિરેક્ટર્સનું સન્માન કરાયું

બાયડ તા.૦૧

હિંમતનગરની પ્રજાના વિશ્વાસનું પ્રતિક બનેલી ધી હિંમતનગર નાગરિક સહકારી બેન્ક લી. ની પદમી વાર્ષિક સાધારણ સભા તા.૩૧ જાન્યુઆરીએ ડૉ.નલીનકાન્ત ગાંધી ટાઉન હોલમાં ચેરમેન નલીનભાઈ પટેલ, મેનેજીંગ ડિરેક્ટર દશરથભાઈ પરમારની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ. સભાના આરંભે કોરોનાના કારણે મૃત્યુ પામેલા સભાસદોના માનમાં ૨ મીનીટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી ત્યારબાદ નવા ચૂંટાયેલા બિનહરીફ ચેરમેન હિરેન ગોર, એમ.ડી. દિગ્વિજયસિંહ ચાવડા સહિત ચૂંટણીમાં વિજેતા થયેલા નવા ૧૩ ડિરેક્ટર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. બેન્કના મેનેજર મુકેશભાઈ પટેલ, આસીસ્ટન્ટ મેનેજર બકુલેશ શાહે વાર્ષિક સાધારણ સભાનું સૂચારૂ આયોજન કર્યું હતું જેમાં સભાસદો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પૌરાણિક સ્થળોની જાળવણીમાં સરકાર નિષ્ક્રિય, પી.પી.પી. ધોરણે વિકાસ કરાવો

વિજયનગરની પોળો-ટેન્ટ સીટી પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર, અભાપુર-શારણેશ્વરના પૌરાણિક સ્થાપત્યોની જાળવણી ભૂલાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

એક સમય એવો હતો કે વિજયનગરના જંગલ વિસ્તારની અભાપુર-શારણેશ્વરના પૌરાણિક સ્થાપત્યો જોવા માટે રાજ્યના ખૂણે ખૂણેથી અને વિદેશી પર્યટકો મોટી સંખ્યામાં આવતા હતા પરંતુ સરકાર અને પુરાતત્વ વિભાગની ઉપેક્ષાથી પૌરાણિક સ્થાપત્યોની

જાળવણી ભૂલાઈ છે. પરંતુ રાજ્યના મુખીયા તરીકે આનંદીબેન પટેલની નિયુક્તિ પછી વિજયનગરના સૌંદર્યને વધુ નિખારવાના પ્રયાસ થયા. વિજયનગરની પોળો, ટેન્ટ સીટી પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે પરંતુ અન્ય પૌરાણિક સ્થળોની જાળવણી ન થતાં અનેક વિસ્તારો ખંડેર બન્યા છે ત્યારે પી.પી.પી. ધોરણે પૌરાણિક સ્થળોનો વિકાસ થાય તો વિજયનગર અને તેના પૌરાણિક સ્થળો રાજ્યના લાખો પર્યટકોને આકર્ષિ શકે છે.

વિજયનગરના અભાપુર પોળો જંગલ વિસ્તારમાં પ્રવેશ કરો એટલે રાજ્ય સરકારના પુરાતત્વ વિભાગે રક્ષિત સ્મારક તરીકેનું બોર્ડ લટકાવી દીધું છે અને તેમાં વર્ષ-૧૯૬૫ ના ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો-અવશેષો અંગેના અધિનિયમ હેઠળ આ સ્થળને રક્ષિત કરવામાં આવ્યું છે. જેથી રક્ષિત સ્મારકને કોઈ વિકૃત કરે, બગાડે તો રૂા.૫૦૦૦નો દંડ અને ૩ માસની કેદની સજાની જોગવાઈ છે. સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા માત્ર રક્ષિત સ્મારકના બોર્ડ લગાવી સંતોષ માનવામાં આવ્યો છે જેથી સાબરકાંઠાની વૈશ્વિક ઓળખ બનેલા અભાપુર-સારણેશ્વરના પુરાતત્વ સ્થળોને દરેક મોરચે ઉપેક્ષા થઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર અભાપુર પોળો વિસ્તારમાં અનેક દંતકથાઓ સાથે સંકળાયેલા મંદિરોના પુરાતત્વ અવશેષો સમાયેલા છે જેમાં આવેલું કુંડ સાથેનું મંદિર ૧૫મી સદીનું હોવાનું અનુમાન કરવામાં આવે છે અને આ સ્થળને શિવ ત્રાયતનના વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. સ્થળને રક્ષિત કર્યું હોવા છતાં તેના વેરવિખેર પડેલા અવશેષોની કોઈ સલામતી જ નથી. તે જ રીતે અભાપુર જૈન ટેમ્પલનું સૌંદર્ય મંડીત આકારનું મંદિર પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે પરંતુ તેના અવશેષો પણ જે કંઈ બચ્યા છે તે સરકાર અને તેનું પુરાતત્વ વિભાગ સાચવે તો પણ ઘણું છે. ગુજરાત સરકાર પ્રવાસન ધામોના વિકાસ માટે દર વર્ષે કરોડો રૂપિયા ફાળવે છે પરંતુ તેમાં કેટલાં પ્રવાસન ધામોનો વિકાસ થયો તેનું સાચું તથ્ય જાણવાનો પ્રયાસ થયો છે ખરો..?? મત બેન્કની જેમ તમામ પ્રાચીન સ્થળોને સાચવવાની લ્હાયમાં આચમન જેટલી ગ્રાન્ટ ફળવાય છે જેના કારણે ૧૩ વર્ષ પછી પણ પુરાતન સ્થળોનો વિકાસ થયો નથી. વિકાસ તો દૂર પરંતુ મુલાકાતે આવતા પ્રવાસીઓને બેસવા, પાણી પીવા અને શૌચાલયની પણ યોગ્ય સુવિધાઓ નથી. ટૂંકમાં વૈશ્વિન ફલક ઉપર ખ્યાતિ મેળવનાર અભાપુર જંગલના મંદિરોના પ્રાચીન અવશેષોની જાળવણી થતી નથી જેના કારણે અનેક અવશેષો ગુમ થઈ ગયા છે. સલામતી માટે પણ કોઈ નક્કર પગલાં ભરાયાં નથી જેથી ગમે ત્યારે અન્ય ઘટનાઓ બનવાની પણ સંભાવના વધી છે.

પોળો-ટેન્ટ સીટીમાં રોકાણ માટે પ્રવાસીઓમાં હોડ...

બાયડ : વર્ષ-૨૦૧૫માં સહેલાણીઓ અભાપુર પોળો જંગલો જોઈ રાત્રિ મુકામ કરી શકે તે માટે કેટલાક સાહસિકો દ્વારા પોળો, ટેન્ટ સીટી એન્ડ રીસોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને પાછલા ૫ વર્ષમાં સેંકડો પ્રવાસીઓએ પોળો, ટેન્ટ સીટીમાં રોકાણ કરી સેમી કાશ્મીર જેવા આલ્હાદક વાતાવરણનો શિયાળા, ચોમાસા દરમ્યાન અનુભવ કર્યો છે. પોળો, ટેન્ટ સીટી એન્ડ રીસોર્ટના સંચાલક રમેશભાઈ પટેલ(ચોરીવાડ)એ જણાવ્યું કે આ વિસ્તારનું સૌંદર્ય પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. સરકાર દ્વારા પૂરતું પ્રોત્સાહન આપવામાં આવે છે. પોળો, ટેન્ટ સીટી એન્ડ રીસોર્ટમાં રોકાણ માટે ટેન્ટ દીઠ રૂા.૩૫૦૦ તેમજ ટેક્ષનું ટેરીફ નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે વન વિભાગ દ્વારા પણ રોકાણ માટે સુવિધા ઉભી કરવામાં આવી છે.

ઇડરના હસનપુરા સિમાડામાં આવેલી કોટન જીનના એસિડ યુક્ત પાણીથી ખેતી લાયક જમીનના ઓથ વળ્યાં

નેત્રામલી, તા. ૧

ઈડર તાલુકાના હસનપુરા ગામની સીમમાં આવેલી વિષ્ણુ કોટન જીનમાં કપાસનું ડિલેટીંગ વાળું એસિડ યુક્ત પાણી ખુલ્લા ખેતરમાં છોડતા આજુબાજુ ની ખેતી લાયક જમીનનો ઓથ વળી જતાં ખેડૂતોને

ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

છેલ્લા સાતેક વર્ષથી હસનપુરા સિમાડામાં આવેલી વિષ્ણુ કોટન જીનમાંથી એસિડ યુક્ત ઝેરી પાણી યોગ્ય નિકાલ ન કરતા ખુલ્લા ખેતરમાં છોડતા આજુબાજુના ખેતરોના પાણી પણ ઝેરી કડવા થઈ જવા પામ્યા છે જેના કારણે ખેતપેદાશો ઉપર માઠી અસર વર્તાઈ રહી છે. ગામના ખેડૂતોએ જીનના માલિકને વારંવાર રજૂઆતો કરવા છતાં પણ એસિડ

યુક્ત પાણી બંધ ન કરતા અવારનવાર ખુલ્લા ખેતરમાં છોડી દેવામાં આવે છે. સરકારી બાબુઓને પણ ધ્યાન દોર્યું હોવા છતાં પણ અંદરો અંદર વાત બની જતી હોય તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. અંદાજીત પચાસ એકર જેટલી જમીનમાં ઝેરી યુક્ત એસિડવાળા પાણીથી કૂવા તેમજ બોરના પાણી ખરાબ થઈ જતાં ખેત પેદાશોના ના પાક ઉપર ભારે વિપરીત અસર વર્તાઈ રહી છે. સરકાર ના અથાગ પ્રયત્નો કે ખેડૂતોને સારી ઉપજના સારા ભાવ મળી રહે, પરંતુ ખેતીમાં અવરોધ બની રહેલી જીનોના પ્રતાપે ખેડૂત વધુ દુઃખી થાય તેમાં નવાઈ નહીં.

ખેતર માલિકોનું નિવેદન...

અયુબખાન બલોચ (હસનપુરા),હબીબખાન બલોચ (હસનપુરા),વલીખાન બલોચ (હસનપુરા),રફીકખાન બલોચ (હસનપુરા) ના જણાવ્યાં અનુસાર છેલ્લા ઘણા સમયથી આ જીનનુ ખરાબ એસિડ યુક્ત પાણી ખુલ્લા ખેતરમાં છોડતા અમારા બાજુ માં આવેલા ખેતરોના પાણી ખરાબ થઈ જતાં પાક ઉપર અસર થાય છે અને બોરની મોટરો પણ કાટ થઈ જવા પામી છે.પાણી પણ પીવા લાયક રહ્યા નથી. જીનના માલિકને વારંવાર રજૂઆતો કરવા છતાં એસિડ યુક્ત પાણી નો યોગ્ય નિકાલ હજુ સુધી કરવામાં આવ્યો નથી.

ભૂકંપ આપદાની પૂર્વ તૈયારી અંગે તાલીમ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અધિકારીઓ ઓનલાઈન કોન્ફરન્સમાં જોડાયા : વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ થયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ભૂકંપ આપદાની પૂર્વ તૈયારી સમીક્ષા અને આયોજન અંગેની ઓનલાઈન તાલીમ તાજેતરમાં યોજાઈ ગઈ જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મહેસૂલ, માર્ગ અને મકાન, આરોગ્ય, પોલીસ, આર.ટી.ઓ., પાણી પુરવઠા, માહિતી વિભાગ, ડિઝાસ્ટર અને ફાયર વિભાગના અધિકારીઓ ઓનલાઈન કોન્ફરન્સમાં જોડાયા હતા. એન.ડી.એમ.એ. દિલ્હીથી સલાહકાર વિ. કે. દત્તાએ કચ્છમાં આવેલા ૨૦૦૧ ના ભૂકંપ બાદ જામનગર અને કચ્છ જિલ્લાની કામગીરી અંગે જાણકારી મેળવી હતી અને જણાવ્યું હતું કે ઈન્સીડેન્સ રીસ્પોન્સ સીસ્ટમ અંતર્ગત દરેક જિલ્લાઓએ ભૂકંપ પ્રતિભાવ યોજના અપડેટ કરવી આવશ્યક છે. રાજ્ય કક્ષાએથી એસ.ડી.આર.એફ. અને હેલ્થ વિભાગે પણ કાર્ય યોજના પ્રસ્તુત કરી હતી.

ભૂકંપ સમયે કચ્છમાં થયેલી કામગીરીની સમગ્ર વિશ્વએ પ્રસંશા કરી હતી પરંતુ ત્યાર પછી દેશ અને રાજ્યના અનેક વિસ્તારોમાં ભૂકંપના કંપનો અનુભવાઈ રહ્યા છે ત્યારે આવનારા સમય માટે ભૂકંપ આપદાની પૂર્વ તૈયારી માટે તમામ જિલ્લા વહીવટી તંત્ર અને પ્રજાએ સતર્ક રહેવું પડે તેમ છે ત્યારે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી-દિલ્હી દ્વારા ભૂકંપ આપત્તિ અંગે રાજ્યની કામગીરી સમસ્યા, આયોજન પૂર્વ તૈયારી અને પ્લાન પ્રિપ્રેશન અંગેની એક વિડીયો કોન્ફરન્સ અને ટેબલ ટોપ એક્સાઈઝ સરકારના રાહત કમિશ્નર અને જી.એસ.ડી.એમ.એ. સી.ઓ હર્ષદ પટેલ, એડીશનલ સી.ઈ.ઓ. વિક્ટર મેકવાન દ્વારા ગુજરાતના ભૂકંપ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંગે વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું જેમાં પી.એમ.ટેનપોઈન્ટ એજન્ડા અને સેન્ડાઈનફેમ વર્કના ઉદ્દેશો પૈકી રીસ્ક રીડક્શન અંગે ગુજરાતના પ્રયાસોની ચર્ચા કરવામાં આવી હતી તેમ સાબરકાંઠા, અરવલ્લી ડી.પી.ઓ. ડિઝાસ્ટર કે.બી.પટેલે જણાવ્યું છે.

ધુલેટા જલારામ મંદિરનો સ્થાપના દિનની ઉજવણી યોજાશે

ભિલોડા,તા.૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ધુલેટા ગામમાં શ્રી જલારામ બાપા મંદિરનો સ્થાપના દિન તા.૧૫/૨/૨૦૨૧ને સોમવારના રોજ ભક્તિ ભાવપુર્વક યોજાશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.શ્રી જલારામ બાપા મંદિર સ્થાપના દિન નિમિત્તે ૩૬ વર્ષ પુર્ણ થયેલ હોઈ તે ધાર્મિક અવસર પર ભવ્ય આયોજન કરાયું છે.

કોરોના વાઈરસની મહામારીના કારણે અન્નક્ષેત્ર બંધ હતું તે પુનઃ શુભારંભ થશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.પ.પુ. હિરાદાદા,રામદેવપીર પરીવાર, મોટી ઈસરોલ, ઉદ્યોગપતી કનુભાઈ પટેલ સહિત ભાવિક ભક્તોની ઉપસ્થિતીમાં શ્રી જલારામ બાપાની શોભાયાત્રા સવારે ૮:૦૦ વાગ્યે,શ્રી જલારામ બાપાના ભક્તો,દાતાઓ,સેવકોનો સન્માન સમારંભ,મહાપ્રસાદી ૧૧:૦૦ વાગ્યે,ભજન સંધ્યા બપોરે ૧:૦૦ વાગ્યે યોજાશે તેમ શ્રી ધુલેટા જલારામ ટ્રસ્ટ,જલારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટના આયોજકોએ જણાવ્યું હતું.

જનસત્યપથ પાર્ટીના જિલ્લા પ્રમુખ તરીકે નિયુક્તિ

બાયડ તા.૦૧

જનસત્યપથ પાર્ટીના અરવલ્લી જિલ્લાના પ્રમુખ તરીકે બાયડ તાલુકાના ડાભા ગામના લક્ષ્મીશંકર મધુસુદન જોષીની નેશનલ પ્રેસિડેન્ટ વિનોદ બ્રહ્મભટ્ટ દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે.

અરવલ્લીમાં ધો.૯ અને ૧૧ની શાળાઓ શરૂ

વિદ્યાર્થીઓની ભીડ ન થાય તે માટે સંચાલકોએ બપોર બાદ વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવાનો નિર્ણય

મોડાસા,તા. ૧

રાજ્યમાં કોરોનાના કેસ નિયંત્રણમાં આવ્યા છે અને સાથે કોરોના રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે.ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનું પ્રત્યક્ષ શિક્ષણ શરુ કરાયા બાદ આજથી એટલે પહેલી ફેબ્રુઆરીથી શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૯ અને ૧૧ ના શૈક્ષણિક વર્ગો પણ શરુ કરવામાં આવ્યા છે અરવલ્લી જીલ્લામાં આવેલ ૨૦૦ થી વધુ શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પહોંચતા શૈક્ષણિક સંકુલ વિદ્યાર્થીઓના કલરવથી ગુંજી ઉઠ્યા હતા તમામ શાળાઓમાં સરકારે જાહેર કરેલ કોવીડ-૧૯ ની ગાઈડલાઈનનો સંપૂર્ણ અમલવારી કરવામાં આવી હતી જીલ્લામાં આવેલી કેટલીક ખ્યાતનામ શાળાઓના સંચાલકોએ વિદ્યાર્થીઓની ભીડને ધ્યાનમાં રાખીને ધો.૧૦ અને ૧૨ માટે સવારે ૧૦ થી ૨ અને ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે બપોરે ૨ થી ૫ સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો છે

અરવલ્લી જીલ્લાની ૨૦૦ થી વધુ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ અભ્યાસ માટે શાળાએ પહોંચતા શાળા પરિવારે અને અને સ્ટાફે આવકાર્યા હતા શૈક્ષણીક સ્ટાફ અને વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતા પહેલા થર્મલગન થી તાપમાન માપવામાં આવ્યું હતું અને માસ્કનું પણ વીતરણ કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓમાં શિક્ષણ કાર્ય શરૂ થતા હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો

જીલ્લામાં ઓનલાઇન ઓફલાઇન અભ્યાસ ચાલશે

અરવલ્લી જીલ્લામાં હજુ પણ કોરોના સંક્રમણના ભયના પગલે કેટલાક વાલીઓ તેમના સંતાનને શાળાએ મોકલવા તૈયાર ન હોવાથી અને વધુ ભીડ ન થાય તે માટે વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે ઓનલાઈન અને ઓફલાઈન અભ્યાસ શરૂ રાખવામાં આવ્યો છે ઓનલાઈન અભ્યાસ માટે આગામી સમયમાં સંચાલકો નિર્ણય લઈ શકે છે

અવસાન નોંધ..

બાયડ : ધનસુરા તાલુકાના અંતિસરા ગામના ધીરૂભાઈ પટેલ, બાબુભાઈ પટેલ અને સ્વ.નટવરભાઈ પટેલનાં માતૃશ્રી તથા વિપુલભાઈ

ધીરૂભાઈ પટેલ(બોરલ હાઈસ્કુલ), કૃષ્ણકુમાર પટેલ(સી.આર.સી.-ખડોલ, મહામંત્રી : ધનસુરા તાલુકા પ્રા.શિક્ષક સંઘ), પિયૂષભાઈ ચૌધરી(મુખ્ય શિક્ષક : નાનીબોરવાઈ પ્રા.શાળા), કૌશિકભાઈ પટેલ(કોન્ટ્રાક્ટર, કારોબારી સભ્ય : ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચો)નાં મોટીબા મંગુબેન ભીખાભાઈ પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સદ્‌ગસ્થનું બેસણું તા.૩-૧-૨૦૨૧, બુધવારના રોજ સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ તેમના નિવાસસ્થાન અંતિસરા, તા.ધનસુરા ખાતે રાખેલ છે.